# દેવદ્રવ્યનો વિનાશ એટલે જગતનો વિનાશ.
# દેવદ્રવ્યના સંરક્ષણમાં જગતનું રક્ષણ...!

## દેવદ્રવ્યના સંરક્ષણમાં જગતનું રક્ષણ...!

જગતના સર્વ જીવો સુખને ઈચ્છે છે, છતાં બધાં જ દુઃખ, દારિદ્રય અને દુર્ગતિમાં સબડે છે. એનું કારણ, દરેક દુઃખ રાગના કારણે પેદા થાય છે. રાગમાંથી જ બધાં દોષો જન્મે છે, માટે બધાં જીવોને દુઃખમાંથી મુક્ત કરવા હોય તો રાગનો નાશ કરવો જ પડે. તે માટે વીતરાગ પરમાત્મા અને જિનાલય સિવાય શ્રેષ્ઠ આલંબન શું હોય શકે ? વીતરાગના પ્રભાવે રાગ જાય અને રાગ જવાથી દુઃખ, પાપ, કલેશ, અશાંતિ જાય એટલે સંપ્રતિ મહારાજા વગેરેએ ત્રણ ખંડની પૃથ્વી પર લાખો જિનાલયો અને કરોડો જિન પ્રતિમાનું નિર્માણ કર્યું હતું.

આપણે કદાચ જિનાલય કે જિનપ્રતિમા ન કરાવી શકીએ, પણ આજ સુધી જિનાલય અને જિનપ્રતિમા જેના દ્વારા ટક્યા છે, સંરક્ષણ થયું છે તેવા દેવદ્રવ્યનું સંરક્ષણ, સદ્ઉપયોગ, સંવર્ધન કરીને જગતનું ભલું કરી શકીએ. અને જેનાથી જગતનું ભલું થવાનું હોય તેવા દેવદ્રવ્યના રક્ષણ યોગ્ય વહીવટથી ટોચનું પુણ્ય એવું તીર્થંકર નામકર્મ બંધાતું હોય તો તે જ દેવદ્રવ્યના નાશ કે અયોગ્ય વહીવટ થી સૌથી મોટું પાપ પણ બંધાય જ. આટલી વાત ધ્યાનમાં લઈ દરેક જગ્યાએ દેવદ્રવ્યનું રક્ષણ થાય તેવા તમામ વ્યક્તિઓએ પ્રયત્ન કરી જગતનું ભલું કરવા દ્વારા વિશિષ્ટ પુણ્યના ભાગી બનીએ અને નુકશાનથી અટકીએ.

## માટે જ ...

દેવદ્રવ્યનાં સંરક્ષણ, વૃધ્ધિ અને તેનાં શાસ્ત્રાનુસાર ઉપયોગમાં જ સર્વજીવોનું કલ્યાણ સમાયેલું છે. તેથી દેવદ્રવ્યની રકમની સમયસર ચુકવણી, દેવદ્રવ્યની બાકી રહેતી રકમની ઉઘરાણી અને વસુલાત કરવામાં ઢીલાશ કે પ્રમાદ ન રાખતા, તેની ઉપેક્ષા ન કરતાં અને દેવદ્રવ્યનો જિનાજ્ઞાનુસાર ઉપયોગ કરી આપણું કર્તવ્ય પુરૂ કરવાનો યથાશક્તિ પ્રયત્ન કરીએ.

## સાવધાન ...

દેવદ્રવ્યનું જાણતાં કે અજાણતાં સ્વાર્થ માટેનું થયેલું થોડું પણ ભક્ષણ કે તેનો અનુચિત ઉપયોગ અનંત ઉપકારી શ્રી જિનેશ્વર ભગવંતના અને જગતનાં સર્વ જીવોના દ્રોહ અને વિશ્વાસઘાત સમાન છે

તેથી જ દેવદ્રવ્યના અનુચિત ઉપયોગ / વિનાશ દ્વારા જગતના સર્વ જીવોનો આત્મિક વિનાશ અને સાથે વહીવટકર્તાઓની દુગર્તિ સુનિશ્ચિત થાય છે.

## દેવદ્રવ્ય એટલે શું ? તેમાં કયાં દ્રવ્યોનો સમાવેશ થાય ?

- પરમાત્માને સમર્પણ કરાયેલુ દ્રવ્ય : દેવદ્રવ્ય
- ભંડારમાં નાંખેલુ દ્રવ્ય : દેવદ્રવ્ય
- અષ્ટ પ્રકારી પૂજાના ચડાવાનુ દ્રવ્ય : દેવદ્રવ્ય
- અંજનશલાકા, પ્રતિષ્ઠાના ચડાવાનું દ્રવ્ય : દેવદ્રવ્ય
- પરમાત્માની રથયાત્રાના સાંબેલાનું દ્રવ્ય : દેવદ્રવ્ય
- સંઘમાળ, ઉપધાનમાળનું દ્રવ્ય : દેવદ્રવ્ય
- મહાપૂજા-મહાઆંગી વગેરેના નિર્માલ્યનું દ્રવ્ય : દેવદ્રવ્ય
- પર્યુષણ મહાપર્વમાં સ્વપ્નની ઉછામણીનું દ્રવ્ય : દેવદ્રવ્ય
- આરતીમાં મૂકેલ-આરતીના ચડાવાનું દ્રવ્ય : દેવદ્રવ્ય
- પરમાત્માની ભક્તિ થી આપેલું દ્રવ્ય : દેવદ્રવ્ય

## દેવદ્રવ્યનું સંરક્ષણ અને વૃધ્ધિ કેવી રીતે કરવી ?

૧. દેવદ્રવ્યની બાકી રહેતી ચડાવા/બોલી વિ.ની રકમની યોગ્ય ઉઘરાણી કરવી, દેવદ્રવ્યની વસુલાત કરવામાં પ્રમાદ સેવાય કે તેની ઉપેક્ષા થાય તો દેવદ્રવ્યનો વિનાશ કરવાનું મહાપાપ લાગે છે.
૨. દેવ ને અર્પણ કરાયેલાં ફળ,નૈવૈધ, ચોખા વિ.ની. સારી ઉપજ કરવી.
૩. આંગીનો ઉતાર જેમ કે સોના-ચાંદીના વરખ, બાદલું વિ.ની યોગ્ય ઉપજ કરવી.
૪. ખરા-માલની લેવડદેવડ કરનાર, સદવેપારીઓના દાગીના રાખી તેની યોગ્ય ચોકસાઈ કરી, દેવદ્રવ્યની રકમ વ્યાજે આપી, દેવદ્રવ્યની વૃધ્ધિ કરી શકાય છે.

## દેવદ્રવ્યનો ઉચિત ઉપયોગ -કયાં, કયારે, કેવી રીતે ?

૧. વહીવટકર્તાઓ દ્વારા જયાં દેવદ્રવ્યનો ઉંચિત ઉપયોગ થતો હોય ત્યાં પૂરતી ચકાસણી અને ચોકસાઈ કરીને જિર્ણોધ્ધારની જરૂરત હોય ત્યાં જૂના તિર્થો કે દેરાસરોમાં દેવદ્રવ્યનો ઉપયોગ વિના વિલંબે કરવો જોઈએ, તેમાં પણ જે ગામમાં/ ક્ષેત્રમાં બહુ ઓછાં દેરાસરો હોય અને ત્યાં દેરાસરથી ઘણાં લોકોને લાભ થતો હોય ત્યાં દેવદ્રવ્યનો વધુમાં વધુ ઉપયોગ કરવો હિતાવહ છે.
૨. દેવદ્રવ્યનો ઉપયોગ વહેલામાં વહેલી તકે યોગ્ય જગ્યાએ કરી લેવો જોઈએ. દેવદ્રવ્યની રકમ જમાં હોવા છતા જિર્ણ થતાં દેરાસરમાં તેનો ઉપયોગ યોગ્ય રીતે ન થાય તો તે દેરાસરોના નાશનો દોષ લાગી શકે.

## દેવદ્રવ્યના ભક્ષણ/વિનાશનાં ભયંકર પરિણામો :-

૧. થોડું પણ દેવદ્રવ્યનું ભક્ષણ કે અનુચિત ઉપયોગ દ્વારા તેનો વિનાશ, અનંતભવો સુધી વહીવટકર્તાઓ માટે દુઃખ, દારિદ્રય અને દુર્ગતિ સુનિશ્ચિત કરે છે.
૨. સાકેતપુર નગરનાં સાગર શ્રેષ્ઠિ ૧૦૦૦ કાંકણી (રૂા)નાં દેવદ્રવ્યનું દેવું બાકી રાખીને મર્યો તેને કારણે હજારો-હજારો ભવો નરક અને તિર્યચોના કરવા પડયાં.
૩. ઈંદ્રપુર નગરનાં, દેરાસરનાં બળતાં દીવાથી પોતાના ઘરનું કામ કરનાર અને ધૂપધાણાનાં અંગારથી પોતાનાં ઘરનો ચૂલો પેટવનાર દેવસેનની માતાને ઉંટડીનો ભવ લેવો પડયો.
૪. મહેન્દ્ર નામનાં નગરમાં દેવદ્રવ્યની ઉઘરાણી કરનારનાં પ્રમાદનાં કારણે ઘણું દેવદ્રવ્યનાશ પામતાં, તેનાં મુખ્ય માણસને અસંખ્ય ભવો ની દુર્ગતિ થઈ.
૫. તાજેતરમાં વર્ષોમાં રાજસ્થાનનાં એક ગામમાં દેવદ્રવ્યનાં પૈસાનો ઉપયોગ લગ્નની વાડી બનાવવામાં થતાં, તેનાં ભયંકર પરિણામો તેના વહીવટકર્તાઓ અને સંઘના સભ્યોને ભોગવવા પડયાં છે.

## દેવદ્રવ્યનું ભક્ષણ/વિનાશ કેવી રીતે અટકાવવું ?

૧. દેરાસરની જગ્યા કે દેવદ્રવ્યમાંથી લાવેલી દેરાસરની વસ્તુઓનો ઉપયોગ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાના કે સંઘનાં બીજા કાર્યોમાં ન કરવો.
૨. દેવદ્રવ્યની રકમની ફિક્સ ડીપોઝીટ ની સામે પોતાનાં સ્વાર્થ માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે કોઈપણ લાભ ન લેવો.
૩. દેવદ્રવ્યની બાકી રહેતી રકમની ઉઘરાણીમાં પ્રમાદ ન કરવો કે તેની ઉપેક્ષા ન કરવી.
૪. દેવદ્રવ્યની રકમને લોન તરીકે સંઘના, પોતાના કે સમાજના કોઈપણ કાર્યમાં ન વાપરવી.
૫. દેવદ્રવ્ય એ ભગવાનને સમર્પિત કરાયેલું ટોચનું દ્રવ્ય છે જેના પર ફકત ભગવાનનો અધિકાર છે. તેનો ઉપયોગ આપણાં દૈનિક કર્તવ્યો કે સામાજિક કર્તવ્યોમાં ન કરી શકાય માટે જ દેવદ્રવ્યનો ઉપયોગ આપણી પૂજાની સામગ્રી, જીવદયા, અનુકંપા, શાળા, હોસ્પિટલો કે લગ્નની વાડી વિગેરે માટે ન કરી શકાય.
૬. ચોખ્ખા દેવદ્રવ્યની રકમમાંથી પૂજારીને પગાર વિ પણ ન આપી શકાય (પૂજારી નો ઉપયોગ આપણી સુવિધા માટે થતો હોવાથી)

## અને છેલ્લે .....

પ્રતિષ્ઠા કે સ્વપ્નની બોલીના રૂપિયા કે દેવદ્રવ્યની કોઈપણ ઉપજની ૧૦૦ ટકા ઉપયોગ ફક્ત અને ફક્ત દેવદ્રવ્યમાં જ કરવો જોઈએ / દેવદ્રવ્યની રકમનો ૧ ટકા ભાગ પણ બીજા કોઈ ખાતામાં કોઈપણ સંજાગોમાં ન લઈ જવો.

દેવદ્રવ્યની રકમ ના અમુક ટકા દેવદ્રવ્યમાં અને બાકીનાં ટકા બીજા કોઈપણ ખાતામાં લઈ જવાની પ્રથા હોય તો તે અનુચિત અને શાસ્ત્રોથી વિરુધ્ધ છે. માટે તેને જલ્દીમાં જલ્દી બંધ કરવી જોઈએ.

(સર્વ સંઘમાન્ય દ્રવ્યસપ્તતિકા, શ્રાધ્ધવિધિપ્રકરણ ગ્રંથ તથા ગીતાર્થ સાધુ ભગવંતોના પ્રવચનો માંથી)